# Shri Govind Guru University, Godhra

(Established Vide Gujarat Act No. 24/2015)

# શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, ગોધરા

(ગુજરાતએકટનં. ૨૪/૨૦૧૫ દ્વારાસ્થાપિત)


નં. એસજીજીયુ/વહીવટ/૨૦૨૦/૨૨૦૭ તા. ૦૨/૦૭/૨૦૨૦

**પરિપત્ર-૨૦૯૧**

વિષય : અનલોક-૨ (તબક્કાવાર રી-ઓપનીંગ) અંતર્ગત માર્ગદર્શક સૂચનાઓ

સંદર્ભ : (૧) શિક્ષણ વિભાગ, ગુજરાત સરકારશ્રીનો તા.૦૧/૦૭/૨૦૨૦ નો પત્ર ક્રમાંક:કરન/૧૦૨૦૨૦/ ૦૬૦૫૨૦૨૦/ખ-૧

(૨) શિક્ષણ વિભાગ, ગુજરાત સરકારશ્રીનો તા.૦૨/૦૭/૨૦૨૦ નો પત્ર ક્રમાંક:કરન/૧૦૨૦૨૦/ ૦૬૦૫૨૦૨૦/ખ-૧

શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ તથા અનુસ્નાતક કેન્દ્રોના ઇન્ચાર્જશ્રીઓને જણાવવાનું કે શિક્ષણ વિભાગ ગુજરાત સરકારશ્રીના સંદર્ભ દર્શિત પત્રો અનુસાર (નકલ આ સાથે સામેલ છે) COVID-19 ની પ્રવર્તમાન પરિસ્થિતિ ધ્યાને લઈ કોલેજો અને શૈક્ષણિક સંસ્થાઓ તા.૩૧/૦૭/૨૦૨૦ સુધી બંધ રાખવા નિર્ણય કરેલ છે અને આ સમય દરમિયાન શિક્ષણ કાર્ય ઓનલાઈન પધ્ધતિ અનુસાર કરવા જણાવેલ છે. ઉપરાંત તમામ શૈક્ષણિક અને બિન-શૈક્ષણિક કર્મચારીઓ તા.૩૧/૦૭/૨૦૨૦ સુધી વર્ક ફ્રોમ હોમ મુજબ કાર્ય કરી શકશે, શૈક્ષણિક સ્ટાફ ઘરેથી ઓનલાઈન શિક્ષણકાર્ય કરી શકશે પરંતુ તમામ શૈક્ષણિક અને બિન-શૈક્ષણિક કર્મચારીઓએ COVID-19 માટેની સૂચનાઓનું પાલન કરવું અનિવાર્ય છે. કોલેજોના આચાર્યશ્રીઓ તથા અનુસ્નાતક કેન્દ્રોના ઇન્ચાર્જશ્રીઓ પ્રવેશ કાર્યવાહીના સંદર્ભમાં યોગ્ય જણાય તે શૈક્ષણિક અને બિનશૈક્ષણિક સ્ટાફને કચેરીમાં હાજર રાખીને પ્રવેશની કામગીરી કરાવી શકશે. તથા COVID-19 ની અંગેની ગાઈડલાઈન્સ ધ્યાને લેવાની રહેશે. આ ઉપરાંતની બાકીની સૂચનાઓ સ્વયં સ્પષ્ટ છે. તે મુજબ અમલવારી કરવા આપને જણાવવામાં આવે છે.

હાલની આ વિકટ પરિસ્થિતિમાં રાજ્ય સરકાર અને યુનિવર્સિટીને આપનો સહકાર પ્રાપ્ત થાય તે અપેક્ષિત છે.

કુલસચિવ
શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી
ગોધરા

બિડાણ : સંદર્ભ દર્શિત પત્રો

પ્રતિ,

- શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ, અનુસ્નાતક કેન્દ્રોના ઇન્ચાર્જશ્રીઓ, ભવનોના કો-ઓર્ડીનેટરશ્રીઓ તથા સંસ્થાઓના વડાશ્રીઓ તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.

<u>અગત્યનું</u>

ક્રમાંક:- કરન/૧૦૨૦૨૦/૦૬૦૫૨૦૨૦/ખ-૧
શિક્ષણ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
તા.૦૧/૦૭/૨૦૨૦

પ્રતિ,
વાઈસ ચાન્સેલરશ્રી,
શિક્ષણ વિભાગની તમામ સરકારી યુનિવર્સિટીઓ

<u>વિષય:-</u> અનલૉક-૨ (તબક્કાવાર રી-ઓપનિંગ) અંતર્ગત માર્ગદર્શક સુચનાઓ અંગે.

<u>સંદર્ભ:-</u> માનવ સંસાધન વિકાસ મંત્રાલય, ઉચ્ચતર શિક્ષા વિભાગના તા.30/06/૨૦૨૦નો પત્ર ક્રમાંક નં. 16-6/2020-U1A

શ્રીમાન,

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે વિભાગના તા.૨૪/૦૫/૨૦૨૦ના ઠરાવ ક્રમાંક:- કરન/૧૦૨૦૨૦/૦૬૦૫૨૦૨૦/ખ-૧ અન્વયે તા.૨૧/૦૬/૨૦૨૦થી શૈક્ષણિક કાર્ય ઓનલાઈન શરૂ કરવા અને કોવિડ-૧૯ ની મહામારીની પરિસ્થિતિ નિયંત્રણમાં આવે અને સમગ્રપણે પરિસ્થિતિ અનુકુળ જણાય ત્યારબાદ જ Physical Classes શરૂ કરવાની સૂચનાઓ આપવામાં આવી છે. ત્યારબાદ સંદર્ભદર્શિત પત્ર અન્વયે ભારત સરકારના માનવ સંસાધન વિકાસ મંત્રાલય, ઉચ્ચતર શિક્ષા વિભાગે મીનીસ્ટ્રી ઑફ હોમ અફેર્સના ઓર્ડર નં. ૪૦-3/૨૦૨૦-DM-I(A), તા.૨૯/૦૬/૨૦૨૦ અંતર્ગત અનલૉક-૨ ની માર્ગદર્શક સૂચનાઓ આપવામાં આવી છે(નકલ સામેલ છે), જે અન્વયે કોલેજો અને શૈક્ષણિક સંસ્થાઓ તા.૩૧/૦૭/૨૦૨૦ સુધી બંધ રાખવા નિર્ણય કરેલ છે. તે દરમ્યાન શૈક્ષણિક કાર્ય ઑનલાઈન પધ્ધતિથી કરવાનું રહેશે. વધુમાં કોવિડ-૧૯ની પરિસ્થિતિ અન્વયે વખતો-વખત આપવામાં આવેલી તકેદારી રાખવાની સૂચનાઓનું પાલન પણ કરવાનું જણાવવામાં આવેલ છે.

તદ્ઉપરાંત નીચે દર્શાવ્યા મુજબના સાવચેતીના પગલાંઓ પણ લેવાનાં રહેશે.

(૧) તમામ શૈક્ષણિક/બિન શૈક્ષણિક સ્ટાફ તા.૩૧/૦૭/૨૦૨૦ સુધી " Work From Home " કરી શકશે. શૈક્ષણિક સ્ટાફ Online Teaching ઘરેથી કરી શકશે. તેઓએ મોબાઈલ ફોન અને ઈ-મેઈલ પર ઉપલબ્ધ રહેવાનું રહેશે.

(૨) એડહોક તેમજ કરાર આધારિત (જેમનો કરારીય સમયગાળો તા.૩૧/૦૭/૨૦૨૦ સુધીનો છે) સહિતના તમામ શૈક્ષણિક સ્ટાફનો સદરહુ સમયગાળો ફરજ પરના સમયગાળા તરીકે ગણવાનો રહેશે.

(૩) "આરોગ્ય સેતુ" એપ તમામ શૈક્ષણિક, બિન શૈક્ષણિક સ્ટાફ અને વિદ્યાર્થીઓએ પોતાના મોબાઈલ હેન્ડસેટમાં અચૂક ડાઉનલોડ કરવાની રહેશે.

(૪) દરેક કચેરીના વડાએ પોતાના સ્ટાફની હાજરી સંબંધમાં કચેરીનું અગત્યનું કામ વિલંબમાં ન પડે તે જોઈ સ્વવિવેકાનુસાર નિર્ણય લેવાનો રહેશે.

આપનો વિશ્વાસુ

રોનક મહેતા

( રોનક મહેતા )

નાયબ સચિવ

શિક્ષણ વિભાગ

નકલ રવાના:-

(૧) નિયામકશ્રી, ઉચ્ચ શિક્ષણની કચેરી, ડૉ. જીવરાજ મહેતા ભવન, સચિવાલયા, ગાંધીનગર(તમામ સરકારી/બિન સરકારી અનુદાનિત/ખાનગી કોલેજોને જાણ કરવા સારૂં)

(૨) નિયામકશ્રી, ટેકનીકલ શિક્ષણની કચેરી, કર્મયોગી ભવન, સેક્ટર-૧૦/એ, ગાંધીનગર.(તમામ સરકારી/બિન સરકારી અનુદાનિત/ખાનગી કોલેજોને જાણ કરવા સારૂં)

अमित खरे, भा.प्र.से.
सचिव
AMIT KHARE, IAS
Secretary
Tel. : 011-23386451, 23382698
Fax : 011-23385807
E-mail : secy.dhe@nic.in

भारत सरकार
Government of India
मानव संसाधन विकास मंत्रालय
Ministry of Human Resource Development
उच्चतर शिक्षा विभाग
Department of Higher Education
127 'सी' विंग, शास्त्री भवन, नई दिल्ली–110 001
127 'C' Wing, Shastri Bhawan, New Delhi-110 001

**No. 16-6/2020-U1A**

**Dated the 30 June, 2020**

To

The Chairman, UGC

The Chairman, AICTE

Director General, NTA

All other Autonomous Organizations under DHE, MHRD

**Subject:** MHA Guidelines for phased reopening (Unlock 2)

Dear

MHA vide order no. 40-3/2020-DM-I(A) dated 29.06.2020 has issued guidelines on **Unlock 2**, whereby it has been directed that colleges and educational institutions will remain closed till 31.07.2020. It has been further stated that online/distance learning shall continue to be permitted and shall be encouraged.

2. In this regard kindly refer to my previous D.O. NO. Secy(HE)/MHRD/2020 dated 21.03.2020, whereby the precautions required to be taken for ensuring the safety of the Faculty members/Teachers/Researchers/Non-Teaching staff of educational institutions and the students still staying in hostels were advised.

3. In order to ensure the safety of the Faculty members/ Teachers/ Researchers/ Non-Teaching staff of higher educational institutions, the following precautions, should be taken:

i. Faculty members/ Teachers/ Researchers/ Non-Teaching staff under your organization should be permitted and advised to work from home till 31.07.2020.

ii. Faculty members/ Teachers/ Researchers should utilize this period for various academic activities, as already communicated vide my D.O. dated 21.03.2020.

30.6.2020

iii. The said period shall be counted as being on duty for all Faculty members/ Teachers/ Researchers/ Non-teaching staff including Ad-hoc and contract Teachers whose contracts are valid at least up-to 31.07.2020.

iv. Aarogya Setu App enables easy identification of potential risk of infection and, therefore, it may be ensured that Aarogya Setup App is installed by the students, faculty and employees to fight against COVID-19.

v. In case of exigency, any Faculty Member/ Teacher/ Researcher/ Non-teaching staff may attend or be asked to attend the educational institution with all precautionary measures as mentioned in the guidelines issued by MHA/MHFW.

4. All Faculty members/ Teachers/ Researchers/ Non-teaching staff should provide their contact details i.e Mobile No., email id, etc to their institutions so that they may be contacted in case of emergency.

Regards,

Yours sincerely,

30.6.2020

**(Amit Khare)**

**Copy to:** The Chief Secretaries of all States and UTs with a request to consider similar guidelines for the higher educational institutions under their control.

અગત્યનું

ક્રમાંક:- કરન/૧૦૨૦૨૦/૦૬૦૫૨૦૨૦/ખ-૧
શિક્ષણ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
તા.૦૨/૦૭/૨૦૨૦

પ્રતિ,
વાઈસ ચાન્સેલરશ્રી,
શિક્ષણ વિભાગની તમામ સરકારી યુનિવર્સિટીઓ

વિષય:- અનલૉક-૨ (તબક્કાવાર રી-ઓપનિંગ) અંતર્ગત માર્ગદર્શક સુચનાઓ અંગે.

શ્રીમાન,

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે ભારત સરકારના માનવ સંસાધન વિકાસ મંત્રાલયના તા.૨૯/૦૬/૨૦૨૦ ના ઓર્ડર નં. ૪૦-3/૨૦૨૦-DM-I(A) થી આપવામાં આવેલી માર્ગદર્શક સૂચનાઓને અનુલક્ષીને COVID-19 ની પરિસ્થિતિ દરમ્યાન લેવાના થતાં સાવચેતીના પગલાંઓની જાણ વિભાગના તા.૦૧/૦૭/૨૦૨૦ ના સરખા ક્રમાંકના પત્ર અન્વયે આપને કરવામાં આવેલ છે. હાલમાં યુનિવર્સિટીઓ/કૉલેજમાં પ્રવેશની કામગીરી ગતિમાં હોવાની હકીકત તરફ ધ્યાન દોરીને યુનિવર્સિટીઓ તરફથી પૃચ્છા કરવામાં આવી છે તે સંબંધે આજ્ઞાનુસાર જણાવવાનું કે યુનિવર્સિટીઓ/કૉલેજમાં પ્રવેશની કામગીરી માટે કચેરીના વડાને યોગ્ય જણાય તે શૈક્ષણિક/બિન શૈક્ષણિક સ્ટાફને કચેરીમાં હાજર રાખીને પ્રવેશની કામગીરી કરાવી શકાશે.

૨. અત્રે એ બાબત આપના ધ્યાને મુકવામાં આવે છે કે સામાન્ય વહીવટ વિભાગના તા.30/૦૬/૨૦૨૦ ના પરિપત્ર ક્રમાંક:પરચ/૧૦૨૦૨૦/૫૦૧/ટ થી પરિપત્રિત કરવામાં આવેલી સૂચનાઓ મુજબ Containment Zone માં આવેલી તમામ કચેરીઓ બંધ રહેશે ઉપરાંત Containment Zone માં રહેતા કર્મચારી/અધિકારીને ફરજ પર બોલાવવાના રહેશે નહીં.

આપનો વિશ્વાસુ
રોનક મહેતા
( રોનક મહેતા )
નાયબ સચિવ
શિક્ષણ વિભાગ

નકલ રવાના:-

(૧) નિયામકશ્રી, ઉચ્ચ શિક્ષણની કચેરી, ડૉ. જીવરાજ મહેતા ભવન, સચિવાલય, ગાંધીનગર.

(૨) નિયામકશ્રી, ટેકનીકલ શિક્ષણની કચેરી, કર્મયોગી ભવન, સેક્ટર-૧૦/એ, ગાંધીનગર.